# ખેલ મહાકુંભમાં જબુગામ કોલેજનું ગૌરવ

ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ચાલુ વર્ષે ખેલ મહાકુંભ ૨૦૧૭ નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં છોટાઉદેપુર જીલ્લામાં આયોજિત ખેલ મહાકુંભમાં ચેસ અને બેડમિન્ટન રમતમાં જીલ્લા કક્ષાએ અત્રેની કોલેજ ઓફ એગ્રીકલ્ચર, જબુગામના કુલ ૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. આ વિદ્યાર્થીઓમાંથી હાલમાં ચોથા  વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી શ્રી વિવેક માવાણીચેસની રમતમાં ઓપન એજ ગ્રુપમાં સમગ્ર જીલ્લામાં દ્વિતીય ક્રમાંક પર આવેલ છે. વધુમાં અત્રેની કોલેજમાં સહ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા ડો. સી. એસ. બાલધિયા  પણ આણંદ જીલ્લા આયોજિત ખેલ મહાકુંભમાં ચેસની રમતમાં ૪૦ વર્ષથી ઉપરના વય જૂથમાં સમગ્ર જીલ્લામાં પ્રથમ આવેલ છે. એગ્રીકલ્ચર કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટીને ગૌરવાન્વિત કરવા બદલ આ બંને વિજતાઓને હાર્દિક અભિનંદન.